# રાજ્યમાં ભારે વરસાદની શક્યતા નહીં

**મોસમનો** 69.36 ટકા વરસાદ નોંધાય,; દક્ષિણ ગુજરાતમાં સિઝનનો 95.74 ટકા વરસાદ, સરદાર સરોવર 77.56 ટકા ભરાયો



ગાંધીનગરઃ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા ભારે વરસાદ બાદ હવે રાહતના સંકેતો દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ચોમાસાની ધરી (મોન્સૂન ટ્રફ) હવે બીકાનેર, દિલ્હી, લખનૌ, પટના થઈને મણિપુર તરફ પસાર થઈ રહી છે. ઉત્તર-પૂર્વ રાજસ્થાન ઉપર સાઈક્લોનિક સર્ક્યુલેશન અને જમ્મુ વિભાગ ઉપર પશ્ચિમી વિક્ષેપ સક્રિય હોવા છતાં ગુજરાત ઉપર કોઈ મજબૂત વરસાદી સિસ્ટમ સક્રિય નથી. તેના કારણે આગામી એક સપ્તાહ દરમિયાન રાજ્યમાં ભારે વરસાદની શક્યતા નથી અને મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા છૂટાછવાયા ઝાપટાં પડવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ 4થી 10 ઓગસ્ટ દરમિયાન ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના રહેશે. 4 અને 5 ઓગસ્ટે બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ અને આણંદ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે. પંચમહાલ, દાહોદ અને મહીસાગરના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં અનેક સ્થળોએ વરસાદી માહોલ યથાવત્ રહેશે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ છૂટાછવાયા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. 6થી 10 ઓગસ્ટ દરમિયાન પણ રાજ્યમાં કોઈ ભારે વરસાદની આગાહી કરવામાં આવી નથી.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, સોમવારે રાત્રે 8 વાગ્યા સુધીમાં રાજ્યના સરેરાશ 79 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ ભરૂચમાં 1.26 ઈંચ વરસાદ થયો હતો. બીજા ક્રમે ખંભાતમાં 1.18 ઈંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 225 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. તેમાં રાજકોટમાં સૌથી વધુ 2.72 ઈંચ, વલસાડના કપરાડામાં 1.73 ઈંચ, રાજકોટના પડધરીમાં 1.50 ઈંચ, દિયોદરમાં 1.46 ઈંચ અને વલસાડના નાનાપોંઢામાં 1.34 ઈંચ વરસાદ નોંધાયો હતો.

રાજ્યમાં ચોમાસાની સિઝનમાં અત્યાર સુધી સરેરાશ 630.43 મિ.મી. એટલે કે 69.36 ટકા વરસાદ નોંધાયો છે. ઝોનવાર આંકડાઓ મુજબ દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 95.74 ટકા, મધ્ય-પૂર્વ ગુજરાતમાં 65.75 ટકા, સૌરાષ્ટ્રમાં 54.47 ટકા, ઉત્તર ગુજરાતમાં 51.16 ટકા અને કચ્છમાં 29.05 ટકા વરસાદ નોંધાયો છે.

રાજ્યના જળાશયોમાં પણ પાણીની આવક સતત વધી રહી છે. સરદાર સરોવર ડેમમાં હાલ 2,59,161 એમસીએફટી પાણીનો સંગ્રહ થયો છે, જે કુલ ક્ષમતાના 77.56 ટકા જેટલો છે.

### રાજ્યના ડેમની સ્થિતિ

26 ડેમ સંપૂર્ણ ભરાઈ ગયા
34 ડેમ હાઈ એલર્ટ પર
10 એલર્ટ અને 9 વોર્નિંગ પર

### સરકારે કરેલી કામગીરી

84,318 લોકોનું સ્થળાંતર
9,776 લોકોનું રેસ્ક્યૂ
14 NDRE ટીમ સ્ટેન્ડબાય
3 SDRF પ્લાટૂન તૈનાત
4 આર્મી કોલમ સ્ટેન્ડ બાય
5,099 ગામોમાં વીજળી પુનઃ સ્થાપિત

### ઝોનવાર મોસમી વરસાદ

દક્ષિણ ગુજરાતઃ 95.74%
મધ્ય-પૂર્વ ગુજરાતઃ 65.75%
સૌરાષ્ટ્રઃ 54.47%
ઉત્તર ગુજરાતઃ 51.16%
કચ્છઃ 29.05%
રાજ્યની સરેરાશઃ 69.36%

# ઓર્ગન ડોનેશન માટે ગુજરાતની ત્રણ સરકારી હોસ્પિટલને એવોર્ડ

**IKDRC** તેમજ અમદાવાદ તથા સુરત સિવિલ હોસ્પિટલ પ્રતિષ્ઠિત એવોર્ડ અપાયા

ગાંધીનગરઃ ૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ 'નેશનલ ઓર્ગન ડોનેશન ડે' નિમિત્તે નવી દિલ્હીના ડૉ. બી. આર. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે યોજાયેલા '૧૬મા ઈન્ડિયન નેશનલ ઓર્ગન ડોનેશન ડે' સમારોહમાં ગુજરાતને ત્રણ રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે.

આ એવોર્ડ અંગે રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, અંગ પ્રત્યારોપણ ક્ષેત્રે દેશભરમાં અગ્રણી સ્થાન ધરાવતી IKDRC સંસ્થાને Excellence in Leading Government Hospital in Organ Transplantation એવોર્ડ, મૃત દાતાઓમાંથી સફળતાપૂર્વક અંગોના રીટ્રીવલ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલને Best Non-Transplant Organ Retrieval Centre (NTORC)નો એવોર્ડ તેમજ બ્રેઈન સ્ટેમ ડેથની સમયસર ઓળખ, સ્વજનોનું સંવેદનશીલ કાઉન્સેલિંગ અને વૈજ્ઞાનિક પ્રક્રિયા માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલને Best Brain Stem Death Teamનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

### (1) IKDRC-અમદાવાદ

» ૫૦૨ કિડની » ૮૬ લિવર » ૯ પેન્ક્રિયાસ

### (2) અમદાવાદ સિવિલ

» ૧૭૧ અંગોનું દાન » ૩૪ ટિશ્યૂનું સફળ રીટ્રીવલ

### (3) નવીસિવિલ સુરત

» 34 આંખો » 75 લીવર » 166 કીડની » 9 હાથ » 2 પેન્ક્રિયાસ » 6 નાનાં આંતરડાં » 11 હૃદય » 12 ફેફસાં

# TAT-S 20 સપ્ટેમ્બરે યોજાશે,7 સપ્ટેમ્બરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકાશે

ગાંધીનગર : ગુજરાતની માધ્યમિક શાળાઓમાં શિક્ષક બનવા ઈચ્છતા ઉમેદવારો માટે રાજ્ય પરીક્ષા બોર્ડે TAT-S 2026ની મુખ્ય પરીક્ષા 20 સપ્ટેમ્બર, 2026ના રોજ યોજાશે, જ્યારે ઉમેદવારો 7 સપ્ટેમ્બરથી પોતાની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે. TAT-S 2026ની પ્રિલિમિનરી પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારો હવે વર્ણનાત્મક અને વિષયવસ્તુ આધારિત મુખ્ય પરીક્ષામાં ભાગ લેશે. પરીક્ષા રાજ્યના વિવિધ મુખ્ય જિલ્લા મથકો ખાતે નિર્ધારિત પરીક્ષા કેન્દ્રોમાં લેવામાં આવશે. પરીક્ષાની પારદર્શિતા અને નિષ્પક્ષતા જળવાઈ રહે તે માટે તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરાની દેખરેખ તેમજ ચુસ્ત પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવશે તેવી માહિતી આપી છે. રાજ્ય પરીક્ષા બોર્ડના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે ઉમેદવારો 7 સપ્ટેમ્બર, 2026થી સત્તાવાર વેબસાઈટ પર જઈ પોતાના કન્ફર્મેશન નંબર અને જન્મતારીખની મદદથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે.

**ઓલપાડમાં પૂરમાં દસ્તાવેજો ધોવાઈ જતાં ધારાસભ્ય મુકેશ પટેલ એક્શનમાં**

# કાગળ ન હોય તો પણ પૂરગ્રસ્તોને સહાય આપવા MLAની રજૂઆત

**કદરામા** અને ઉમરાછી સહિતના પૂરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાની સરવેની સ્થળ પર સમીક્ષા કરી

**પંચનામા** અને સ્થાનિક ચકાસણીના આધારે ફોર્મ સ્વીકારવા માનવીય અભિગમ અપનાવવા ભાર



સુરત, કીમઃ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં અતિભારે વરસાદ અને પૂરની સ્થિતિ બાદ ચાલી રહેલી નુકસાની સર્વે કામગીરીનું ધારાસભ્ય મુકેશ પટેલે કદરામા, ઉમરાછી સહિતના અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થળ પર પહોંચી નિરીક્ષણ કર્યું હતું. ગ્રાઉન્ડ ઝીરો પર સર્વે કામગીરીની સમીક્ષા દરમિયાન તેમણે અધિકારીઓ સાથે ચર્ચા કરી અસરગ્રસ્ત પરિવારોને નુકસાન સહાય મેળવવામાં કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે જરૂરી માર્ગદર્શન અને કડક સૂચનાઓ આપી હતી.

નિરીક્ષણ દરમિયાન સામે આવ્યું હતું કે પૂરના પાણીમાં અનેક પરિવારોના મહત્વના સરકારી દસ્તાવેજો પલળી ગયા, નુકસાન પામ્યા અથવા ગુમ થઈ ગયા છે. ખાસ કરીને આદિવાસી સમાજના અનેક પરિવારો પાસે જરૂરી દસ્તાવેજોની અછત હોવાના કારણે નુકસાન સહાય માટેના ફોર્મ ભરવામાં મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. આ મુદ્દે ધારાસભ્ય મુકેશ પટેલે સ્પષ્ટ સૂચના આપી હતી કે માત્ર દસ્તાવેજોના અભાવે એક પણ ગરીબ અથવા આદિવાસી પરિવાર સરકારની સહાયથી વંચિત ન રહેવો જોઈએ. તેમણે અધિકારીઓને પંચનામા, સ્થાનિક સ્તરની ચકાસણી અને વાસ્તવિક પરિસ્થિતિના આધારે અરજી સ્વીકારી માનવીય અભિગમ દાખવવા જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે પૂરમાં ગુમ થયેલા અથવા પલળી જવાથી ઉપયોગમાં ન રહી શકતા સરકારી દસ્તાવેજો અસરગ્રસ્ત લોકોને સરળતાથી ફરીથી ઉપલબ્ધ થાય તે માટે તંત્ર દ્વારા વિશેષ સહાય અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે. લોકોને જરૂરી પ્રમાણપત્રો અને દસ્તાવેજો મેળવવાની પ્રક્રિયા સરળ બનાવવાની પણ તેમણે સૂચના આપી હતી.

# VNSGUમાં અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સફરની તક

**યુજીસી** માન્ય સ્ટેટ, સેન્ટ્રલ, ડીમ્ડ અને પ્રાઈવેટ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની 14 ઓગસ્ટ સુધી અરજી મંગાવાઈ, વર્ગ દીઠ મહત્તમ પાંચ વિદ્યાર્થીને જ પ્રવેશ

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ શૈક્ષણિક વર્ષ 2026-27ના પ્રથમ સત્ર માટે અન્ય યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ટ્રાન્સફરની મહત્ત્વની તક આપી છે. યુજીસી માન્ય સ્ટેટ, સેન્ટ્રલ, ડીમ્ડ તેમજ પ્રાઈવેટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હવે નર્મદ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ટ્રાન્સફર મેળવી શકશે. આ માટે 14 ઓગસ્ટ, 2026 સુધી અરજી કરવાની રહેશે.

યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર મુજબ સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમોના સેમેસ્ટર-3, 5, 7 તેમજ સેમેસ્ટર-9માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ટ્રાન્સફર માટે અરજી કરી શકશે. ટ્રાન્સફર પ્રક્રિયા સંપૂર્ણપણે અગાઉની યુનિવર્સિટીમાં મેળવેલા ક્રેડિટના આધારે હાથ ધરાશે. જો વિદ્યાર્થીએ અગાઉના અભ્યાસ દરમિયાન જરૂરી ક્રેડિટ કરતાં ઓછી ક્રેડિટ મેળવી હશે, તો તેને ખૂટતી ક્રેડિટ પૂર્ણ કરવા માટે સંબંધિત વિષયોની પરીક્ષા આપવી પડશે. આથી નવા અભ્યાસક્રમમાં કોઈ શૈક્ષણિક ખામી ન રહે તે સુનિશ્ચિત કરવામાં આવશે. ટ્રાન્સફર માટે અરજી કરનાર વિદ્યાર્થીઓએ પોતાની અગાઉની તમામ માર્કશીટ, અભ્યાસક્રમ (સિલેબસ) તથા જરૂરી શૈક્ષણિક દસ્તાવેજો અરજી સાથે રજૂ કરવાના રહેશે.

# 12 ઓગસ્ટે રાજ્યમાં નવી વરસાદી સિસ્ટમ સક્રિય થવાની આગાહી

**સુરત** શહેર-જિલ્લામાં વરસાદનો બે દિવસનો વિરામ, તાપમાનમાં વધારો

**એક** અઠવાડિયા સુધી છૂટાછવાયાં ઝાપટાંની શક્યતા

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લીધો હોવાથી જનજીવનને નોંધપાત્ર રાહત મળી છે. સતત વરસી રહેલા વરસાદ બાદ મળેલા આ વિરામને કારણે રસ્તા પર પાણી ભરાવાની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો છે તેમજ રોજિંદા કામકાજ પણ સામાન્ય બન્યા છે. જોકે વરસાદ બંધ થતાં શહેરમાં ગરમી અને ઉકળાટમાં વધારો અનુભવાઈ રહ્યો છે.

આજે સમગ્ર જિલ્લામાં દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. કેટલાક છૂટાછવાયા વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં પડ્યા હોવાના અહેવાલો મળ્યા હતા, પરંતુ હવામાન વિભાગના સત્તાવાર આંકડા મુજબ જિલ્લામાં ક્યાંય પણ નોંધપાત્ર વરસાદ નોંધાયો નથી.

વરસાદના વિરામ સાથે જ શહેરના તાપમાનમાં છેલ્લા બે દિવસથી વધારો નોંધાઈ રહ્યો છે. આજે મહત્તમ તાપમાન વધુ એક ડિગ્રી વધીને 31.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ દોઢ ડિગ્રીના વધારા સાથે 25.6 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

હવામાં 83 ટકા ભેજ નોંધાતા લોકોને બફારાનો અનુભવ થયો હતો. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાથી આશરે 12 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણમાં વાદળછાયુંપણું યથાવત રહ્યું હતું.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 12 ઓગસ્ટથી વધુ એક વરસાદી સિસ્ટમ સક્રિય થવાની સંભાવના છે. આ સિસ્ટમના પ્રભાવથી રાજ્યના વિવિધ વિસ્તારો સાથે સુરત જિલ્લામાં પણ વરસાદી પ્રવૃત્તિમાં વધારો થઈ શકે છે. ત્યાં સુધી જિલ્લામાં મુખ્યત્વે લોકલ રેઈન એક્ટિવિટી યથાવત રહેશે. જેના કારણે દિવસ દરમિયાન અથવા સાંજના સમયે કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડવાની શક્યતા રહેશે, જ્યારે અન્ય વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને ગરમી-ઉકળાટનો માહોલ યથાવત રહી શકે છે.

**નોટિફાઇડ GIDCના વિકાસ માટે આવકનો ઉપયોગ કરવાની રજૂઆત**

# નોટિફાઈડ GIDCમાં જ વ્યવસાય વેરો વસૂલવા સચિન ઈન્ડ.સોસાયટીની માંગ

**નોટિફાઈડ** એરિયા ઓથોરિટીના ચીફ ઓફિસરને રજૂઆત



સુરતઃ સચીન ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસાયટી દ્વારા સચીન નોટિફાઈડ એરિયા ઓથોરિટીના ચીફ ઓફિસરને રજૂઆત કરી જીઆઈડીસીમાં કાર્યરત ઉદ્યોગોમાં કામ કરતા કર્મચારીઓના પગારમાંથી દર મહિને કપાત થતા વ્યવસાય વેરા (પ્રોફેશનલ ટેક્સ) તેમજ ઉદ્યોગકારો દ્વારા વાર્ષિક ધોરણે ભરવામાં આવતા વ્યવસાય વેરાની વસૂલાત હવે પછી સચીન નોટીફાઈડ એરિયા ઓથોરિટીમાં જ કરવામાં આવે.

સોસાયટીના પ્રમુખ કિશોર બી. પટેલ, સેક્રેટરી મયૂર જે. ગોળવાલા, ઉપપ્રમુખ નીલેશ એમ. ગામી તથા ડિરેક્ટર મિતુલ એસ. મહેતાએ દ્વારા આ રજૂઆત કરવામાં આવી હતી.

# ગુજરાતમાં ચાંદીપુરા વાયરસથી અત્યાર સુધીમાં 22 બાળકનાં મોત

**રાજ્યભરમાં** આરોગ્ય તંત્ર એલર્ટ, 184 શંકાસ્પદ કેસમાંથી 35 પોઝિટિવ, 7 બાળક સારવાર હેઠળ, 6ને રજા અપાઈ

**રાજ્યભરમાં** સઘન સર્વેલન્સ અને તકેદારી, દર્દીઓની સ્થિતિ પર તબીબોની સતત નજરઃ પ્રફુલ પાનશેરીયા

ગાંધીનગરઃ ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના કેસોને લઈને રાજ્ય સરકારનું આરોગ્ય તંત્ર સંપૂર્ણ સતર્ક બન્યું છે. આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે રાજ્યમાં અત્યાર સુધી નોંધાયેલા તમામ શંકાસ્પદ કેસો ચાંદીપુરાના નથી. અત્યાર સુધીમાં કુલ 184 શંકાસ્પદ દર્દીઓના ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી 35 દર્દી ચાંદીપુરા વાયરસથી સંક્રમિત હોવાનું પુષ્ટિ થઈ છે, જ્યારે 11 સેમ્પલના પરિણામો હજુ બાકી છે. અત્યાર સુધીમાં 22 બાળકના ચાંદીપુરા વાયરસથી મોત થયા છે, જ્યારે 7 પોઝિટિવ બાળકો હાલ વિવિધ સિવિલ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે અને 6 બાળક સ્વસ્થ થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

ગાંધીનગરમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે હાલ ગાંધીનગર, હિંમતનગર, પાટણ, રાજકોટ અને ભાવનગરની સિવિલ હોસ્પિટલોમાં દાખલ બાળકોને સુપર-સ્પેશિયાલિસ્ટ સારવાર આપવામાં આવી રહી છે. તમામ દર્દીઓની સ્થિતિ પર તબીબો સતત નજર રાખી રહ્યા છે અને જરૂરી સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં કોઈ એક ગામ કે વિસ્તાર ચાંદીપુરા વાયરસનું કેન્દ્ર નથી, પરંતુ વિવિધ જિલ્લાઓમાંથી છૂટાછવાયા કેસ નોંધાઈ રહ્યા છે. જેના કારણે આરોગ્ય વિભાગની ટીમો રાજ્યભરમાં સતત સર્વેલન્સ કરી રહી છે.

વાયરસના ફેલાવાને રોકવા માટે કાચા મકાનો અને માટીની દિવાલોની તિરાડો પૂરવાની સલાહ આપવામાં આવી છે. પશુપાલન ધરાવતા વિસ્તારોમાં જંતુનાશક દવાઓનો સઘન છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

ઉપરાંત તમામ સરકારી અને ખાનગી બાળરોગ નિષ્ણાત હોસ્પિટલોને લક્ષણો ધરાવતા બાળકોને તાત્કાલિક ઓક્સિજન અને વેન્ટિલેટર સુવિધા ધરાવતા આઈસીયુમાં દાખલ કરીને સારવાર શરૂ કરવાની સૂચના આપવામાં આવી છે, જેથી ગંભીર સ્થિતિ સર્જાતી અટકાવી શકાય.

# સુગર ફેક્ટરીઓમાં બળેલી શેરડીનો વધતો વપરાશ ચિંતાજનક

**ખેડૂતોને** નુકસાન, પર્યાવરણ પર અસર અને ખાંડની ગુણવત્તા અંગે પણ પ્રશ્નો

સુરતઃ દક્ષિણ ગુજરાતની સુગર ફેક્ટરીઓમાં કાપણી સિઝન દરમિયાન મોટા પ્રમાણમાં બળેલી શેરડી આવતી હોવાના મુદ્દે કૃષિ યુનિવર્સિટીના સંશોધન પછી ગુજરાત સરકારે ચિંતા વ્યક્ત કરતા ફરી ચર્ચા શરૂ થઈ છે. અકસ્માતે આગ લાગવાથી શેરડી બળે તે સ્વાભાવિક છે, પરંતુ કેટલીક જગ્યાએ શેરડી કાપણી દરમિયાન જ બાળવામાં આવતી હોવાની વાત સરકારના ધ્યાને આવી છે.

ખેડૂતો અને કૃષિ આગેવાનોના જણાવ્યા મુજબ દક્ષિણ ગુજરાતની બે-ત્રણ સુગર ફેક્ટરીઓને બાદ કરતાં મોટા ભાગની ફેક્ટરીઓમાં 35થી 85 ટકા સુધી બળેલી શેરડી પહોંચે છે, જ્યારે મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ જેવાં શેરડી ઉત્પાદક રાજ્યોમાં આ પ્રમાણ માંડ 2 ટકા જેટલું હોવાનું જણાવાય છે. શેરડી બાળવાથી કાપણી દરમિયાન મજૂરોને શેરડીની ટૂંકી પરત ખોલવાની અને વધારાની મહેનત કરવાની જરૂર રહેતી નથી. પરિણામે મજૂરી બચાવવા માટે કેટલીક જગ્યાએ શેરડી બાળવામાં આવતી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જાણકારોના જણાવ્યા મુજબ બળેલી શેરડીમાંથી કાળા રંગનો રસ નીકળે છે, જેને સફેદ ખાંડમાં પરિવર્તિત કરવા માટે વધુ પ્રમાણમાં કેમિકલનો ઉપયોગ કરવો પડે છે.

## વર્ષેદહાડે દક્ષિણ ગુજરાતના ખેડૂતોને 300 કરોડનું નુકસાન થાય છેઃ જયેશ દેલાડ

ખેડૂત આગેવાન જયેશભાઈ પટેલ (દેલાડ)નું કહેવું છે કે, બળેલી શેરડીને લીધે દક્ષિણ ગુજરાતના ખેડૂતોને વર્ષે દહાડે 300 કરોડનું નુકસાન થાય છે. એક તરફ અકસ્માતે શેરડી સળગે છે. બીજી તરફ સુગરના મજૂરો ટૂંકી પરામાં બમણું મજૂરીકામ ટાળવા શેરડી બાળે છે. એના લીધે ખેડૂતો અને દેશને પણ આર્થિક નુકસાન થાય છે. પર્યાવરણ અને ગ્લોબલ વોર્મિંગની અસર અલગથી થાય છે. જયેશ દેલાડે વધુમાં જણાવ્યું હતું કે, બળેલી શેરડીને વજન 15% ઘટે છે. ખેડૂતોને ટને 400થી 450 રૂપિયાનું નુકસાન થાય છે. સુગર ફેક્ટરીઓની રિકવરી અડધો ટકો ઓછી આવે છે. સુગર ફેક્ટરીઓના સંચાલકોએ ઓછામાં ઓછી બળેલી શેરડી આવે એ દિશામાં વિચારવું જોઈએ.

### દક્ષિણ ગુજરાતની 5 ખાંડ ફેક્ટરીમાં બળેલી શેરડીને સ્થિતિ

| સુગર ફેક્ટરી | કાપણી સિઝન | અકસ્માતે બળેલી શેરડી | કાપણીમાં બળેલી શેરડી |
|---|---|---|---|
| સાયણ | 2023-24 | 17.31 | 39.91 % |
| | 2024-25 | 22.42 | 38.26 % |
| | 2025-26 | 18.35 | 74.31% |
| બારડોલી | 2023-24 | 15.26 | 52.19% |
| | 2024-25 | 21.99 | 41.38% |
| | 2025-26 | 19.76 | 35.66% |
| પંડવાઈ | 2023-24 | 11.88 | 70.35% |
| | 2024-25 | 13.41 | 76.40% |
| | 2025-26 | 10.83 | 79.54% |
| ગણદેવી | 2023-24 | ---- | ---- |
| | 2024-25 | 3.66 | 52.27% |
| | 2025-26 | 2.00 | 53.00% |
| કામરેજ | 2023-24 | 24.86 | 75.41% |
| | 2024-25 | 22.03 | 77.97% |
| | 2025-26 | 14.10 | 85.90% |

# GSTATના પોર્ટલની ખામીને લીધે દ્વિતીય અપીલમાં મુશ્કેલી

**સધર્ન** ગુજરાત GSTAT બાર એસોસિએશનની રજૂઆત

**પોર્ટલની** ભૂલને કારણે થયેલ વિલંબ કરદાતા માટે મર્યાદામાં ગણવામાં ન આવે

સુરતઃ GSTATના ઈ- ફાઈલિંગ પોર્ટલમાં રહેલી ટેકનિકલ ખામીને કારણે સુરત સહિત દક્ષિણ ગુજરાતના અનેક કરદાતાઓને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

અસ્થાયી નોંધણી સંબંધિત કેસોમાં પ્રથમ અપીલનો આદેશ મળ્યા બાદ પણ પોર્ટલ પર દ્વિતીય અપીલ દાખલ કરી શકાતી નથી. આ મુદ્દે સધર્ન ગુજરાત GSTAT બાર એસોસિએશને તાત્કાલિક નિરાકરણ અને માર્ગદર્શનની માંગ કરી છે.

એસોસિએશન દ્વારા આપવામાં આવેલી રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે Form GST APL-04નો આદેશ પ્રાપ્ત થયા બાદ પણ પોર્ટલ અપીલના આદેશ અથવા અસ્થાયી નોંધણીને યોગ્ય રીતે ઓળખી શકતું નથી. જેના કારણે અપીલ દાખલ કરવાની પ્રક્રિયા જ શરૂ થઈ શકતી નથી.

એસોસિએશને જણાવ્યું કે આ મુદ્દો અનેક કરદાતાઓના અપીલના અધિકાર સાથે સીધો સંકળાયેલો હોવાથી તેને તાત્કાલિક ધોરણે ગંભીરતાથી લઈ ઉકેલ લાવવામાં આવે તેવી વિનંતી છે.

### કરદાતાનો કાયદેસરનો અધિકાર જોખમમાં

આ સંપૂર્ણપણે પોર્ટલની ટેકનિકલ સમસ્યા હોવાથી કરદાતા અથવા તેમના CA, એડવોકેટ જવાબદાર નથી. તેમ છતાં CGST Act, 2017ની કલમ 112 હેઠળ મળતા કાયદેસર અપીલના અધિકારની મર્યાદાની મુદત પૂર્ણ થવાનું જોખમ ઊભું થયું છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### ખાડીપૂરથી સુરતને...

ઉદ્યોગમાં સાત દિવસ ઉત્પાદન બંધ રહેતાં રૂ. 800 કરોડનો પ્રોડક્શન લોસ્ટ નોંધાયો છે, જ્યારે રિટેલ ક્ષેત્રને રૂ. 500 કરોડનો ફટકો પડ્યો છે. જરી અને લેસ-પટ્ટી ઉદ્યોગમાં પણ મશીનરી તથા માલને વ્યાપક નુકસાન નોંધાયું છે.

### ઉપરવાસમાં વરસાદનું...

પાણીની આવક થઈ હતી. એટલે કે માત્ર એક જ દિવસમાં પાણીની આવકમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ડેમની હાલની જળસપાટી 333.31 ફૂટ સુધી પહોંચી છે, જ્યારે ઉકાઈ ડેમનું રૂલ લેવલ 335 ફૂટ છે. એટલે કે ડેમ હવે રૂલ લેવલથી અંદાજે બે ફૂટ નીચે છે. ડેમના સંચાલનને ધ્યાનમાં રાખીને હાલ ડેમની સપાટી આશરે 333 ફૂટની આસપાસ જાળવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### વરસાદની રજાઓની...

રાખવી વ્યવહારિક રીતે શક્ય બનતી નથી. આવી સ્થિતિમાં રવિવારના દિવસે શાળા શરૂ રાખવાની છૂટ આપવામાં આવે તો ગુમાયેલા શૈક્ષણિક દિવસોની અસરકારક ભરપાઈ થઈ શકશે અને પરીક્ષાઓ પણ અગાઉથી નક્કી કરાયેલા સમયપત્રક મુજબ યોજી શકાશે. સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆતમાં જણાવ્યું છે કે સુરત જિલ્લાના તમામ સ્વનિર્ભર શાળાઓને તેમની જરૂરિયાત મુજબ રવિવારે શાળા ચલાવવાની સામૂહિક મંજૂરી આપવામાં આવે.

### મગોબ-મીઠી...

કહેવું હતું કે, વર્ષો સુધી સ્થાનિક જનપ્રતિનિધિઓ અને તંત્ર તરફથી માત્ર ખાતરીઓ મળી છે, પરંતુ કાયમી ઉકેલ આજદિન સુધી આવ્યો નથી. હવે લોકો પોતાનો હક્ક મેળવવા માટે સંગઠિત રીતે લડત લડવાના મૂડમાં છે. આ બેઠકમાં સરકારના ઉચ્ચ સ્તરે સીધી રજૂઆત કરવી, મીઠી ખાડી અને તેની સાથે જોડાયેલી ખાડીઓનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી કાયમી ઉકેલ લાવવાની માંગ કરવી, ખાડી પરનાં ગેરકાયદે દબાણો દૂર કરાવવા, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સુધારવા તેમજ જરૂર પડે તો જાહેર હિતની અરજી (PIL) દાખલ કરવા જેવા મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. કાનૂની નિષ્ણાતોની સલાહ લઈ આગામી વ્યૂહરચના નક્કી કરવાની પણ સહમતી વ્યક્ત કરવામાં આવી હતી.

સ્થાનિક આગેવાનોનું કહેવું છે કે, આ કોઈ રાજકીય આંદોલન નથી, પરંતુ હજારો પરિવારોના જીવન, સુરક્ષા અને રોજગાર બચાવવાની લડત છે. દર વર્ષે પૂરથી લાખો રૂપિયાનું નુકસાન સહન કરવું પડે છે અને હવે લોકો 'આશ્વાસન નહીં, કાયમી ઉકેલ અમારો અધિકાર'ના સૂત્ર સાથે આગળ વધવા તૈયાર થયા છે.

### 100થી વધુ...

આવે અને મિલેનિયમ-4 પાસે ખાડી પર થયેલાં અવરોધરૂપ બાંધકામ દૂર કરવામાં આવે તો સમસ્યાના ઉકેલ તરફ મહત્ત્વનું પગલું બની શકે છે. તેમણે દાવો કર્યો કે હાલમાં 100થી વધુ સોસાયટીઓના રહીશો જનઆંદોલન સાથે જોડાવા તૈયાર છે.

### સુરતમાં તાપી...

હવે જીલાની બ્રિજ નજીક આશરે 8 ફૂટ લાંબો મગર દેખાતો હોવાનો વધુ એક વીડિયો વાયરલ થતાં વન વિભાગ ફરી એકવાર સતર્ક બન્યો હતો. વાયરલ થયેલા વીડિયોમાં મગર તાપી નદીના કિનારા નજીક જોવા મળી રહ્યો છે. વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી પ્રસરી જતાં સ્થાનિકોમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો. ખાસ કરીને નદી કિનારે ફરવા આવતા લોકો, માછીમારો અને આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોને વધુ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી હતી. બીજી તરફ વન વિભાગે આધુનિક ટેક્નોલોજીની મદદથી ડ્રોન દ્વારા પણ સમગ્ર વિસ્તારનું સરવેક્ષણ શરૂ કર્યું હતું. ડ્રોન મારફતે નદીના કિનારા અને આસપાસના વિસ્તારોનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, પરંતુ ગીચ ઝાડીઝાંખરા અને પાણીની અંદર મગર છૂપાઈ જતાં તેની ચોક્કસ સ્થિતિ જાણવા સફળતા મળી રહી નથી. જેના કારણે સર્ચ ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું હતું.

### તબીબોની મહેનતથી...

લેવામાં સરળતા રહે તે માટે ગળામાં ટ્રેકિઓસ્ટોમી કરીને નળી મૂકવામાં આવી હતી. ઉપરાંત મગજનું એમઆરઆઈ કરવામાં આવ્યું હતું અને મેડિસિન, ન્યુરોફિઝિશિયન તથા ટીબી-ચેસ્ટ વિભાગના નિષ્ણાતોની સલાહ મુજબ સારવાર આપવામાં આવી હતી. ડોક્ટરોની સતત દેખરેખ અને યોગ્ય સારવારના પરિણામે ભરત ધીમે-ધીમે વેન્ટિલેટર વગર સ્વતંત્ર રીતે શ્વાસ લેવા સક્ષમ બન્યા હતા. આશરે ૨૦ દિવસની સારવાર બાદ તેઓ સંપૂર્ણ સ્વસ્થ થયા હતા અને પોતાના પગે ચાલીને હસતા મોઢે સ્મીમેર હોસ્પિટલમાંથી ઘરે પરત ફર્યા હતા.

### સુરત RTOમાં...

ડરના લીધે સર્જાયેલી આ અરાજકતા અને ગેરરીતિઓને ડામવા માટે ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ધોરણે ઊંડી તપાસ કરે અને સિસ્ટમને સુમેળભરી બનાવે તેવી પ્રબળ લોકમાગ ઉઠી છે.